ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૦ ટકા

ગાંધીનગર તાપમાન

કુડાસણના કાનમ-૨ ખાતે બે ફલેટના તાળા તુટ્યા

સોનાના દાગીના અને રોકડ મળી કુલ ૩.૫૪,૫૦૦ના મુદામાલની ચોરી, એક ફલેટમાં ચોર શખ્સોને ફેરો ફોગટ પડ્યો



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની મીટીંગનું આયોજન કરાયું છે. જેને પગલે શહેરને લોખંડી સુરક્ષામાં ફેરવી દેવાયું છે. નગરમાં ત્રણ હજારથી વધુ જવાનો ખડેપગે ફરજ બજાવી રહ્યા છે.ન્યુ ગાંધીનગર વિસ્તારના કુડાસણ સ્થિત કાનમ-૨ ફલેટના બે ઘરના તાળા ગત્ રાત્રીએ તુટતા રહીશોમાં ભય ફેલાયો છે. ચોર ઈસમોએ ઘરના દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશી તિજોરી તેમજ લાકડાના કબાટમાં રહેલી ચીજવસ્તુઓ વેર વિખેર કરીને ઘરમાં રહેલ સોનાની ચેઈન, વીંટી, લકી સહિત રોકડ રકમ મળીને કુલ રૂ.૫૪.૫૦૦ના મુદામાલની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ઘર માલિકે ઈન્ફોસીટી પોલિસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી મુજબ ન્યુ ગાંધીનગર શહેરી વિસ્તારમાં કુડાસણ સ્થિત આવેલ કાનમ રેસીડન્સી-૨ ખાતે રહેતા હાર્દિક જયંતિભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. હાર્દિકભાઈ જીઆઈડીસી ખાતે ફરજ બજાવે છે. ગઈકાલે સાંજના સુમારે પોતાના પરિવાર સાથે બહારગામ ગયા હતા અને રાત્રે પરત ફર્યા હતા. તે દરમિયાન કાનમ રેસીડન્સીમાં વસતા નાગરીકોની સલામતી માટે ઠેર ઠેર ગોઠવવામાં આવેલ સીસીટીવીના કેમેરાની દિશાઓ ફેરવીને તસ્કરો ત્રાટકયા હતા. કાનમ ફલેટના બે બ્લોકમાં બીજા માળે આવેલ મકાનના તાળા તોડવામાં ચોર ઈસમો સફળ રહ્યા હતા. પરંતુ એક મકાનમાં ચોરનો ફેરો ફોગટ સાબિત થયો હતો. જયારે હાર્દિકભાઈના ઘરના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી ઘરમાં રહેલો તમામ સામાન વેર-વિખેર કરી દેવાયો હતો. જયારે ઘરમાં રહેલ લાકડાના કબાટમાંથી સોનાનો દોરો ૧૦ ગ્રામ કિ. રૂ. ૨૦,૦૦૦, સોનાની વીંટી ૬ ગ્રામની કિં. રૂ.૧૦.૦૦૦, લેડીઝ લકી ૧૨ ગ્રામની કિં. રૂ. ૨૩૦૦૦, તેમજ રોકડ રૂ. ૧૫૦૦ મળીને કુલ રૂ. ૫૪,૫૦૦ ના મુદામાલની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે ઘરમાંથી પથ્થરો પણ મળી આવ્યા હતા. જેથી ચોરી કરતી સમયે કોઈ આવી જાય તો બચાવમાં હુમલો કરવા માટે તસ્કરો પથ્થર પણ સાથે લઈ આવ્યા હોય તેવું પોલીસનું અનુમાન છે. પરંતુ આધુનિક ફલેટમાં ચોવીસ કલાક માટે સિકયુરીટી ગાર્ડ ફરજ બજાવે છે ત્યારે સિકયુરીટ ગાર્ડ હોવા છતા એક સાથે બે બે મકાનના તાળા તુટતા રહીશોમાં ભય ફેલાયો છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

@ગાંધીનગર

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ સે-૪-એ-૧૦૫૬/૧, અલ્પાબેન ચૌહાણના નિવાસસ્થાને બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

વાતવાતમાં

● મહાત્મા મંદિર ખાતે આયોજિત આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની સાધારણ સભા માટે વાઈબ્રન્ટ સમિટ જેવું આયોજન જોઈ વિદેશી મહેમાનો પ્રભાવિત થયા હતા. મહાત્મા મંદિરના પ્રાંગણમાં આફ્રિકન તથા કચ્છી ભાત સાથે ઝુંપડીઓ, ચબુતરા વગેરે ઉભું કરાયું છે.

● મહાત્મા મંદિરે ભારત અને આફ્રિકાના સંયુકત નકશા સાથેના કટઆઉટ સાથે સીદી સૈયદની જાળીની પ્રતિકૃતિએ ધ્યાનાકર્ષિત કર્યું છે. આ સ્થળે તથા મહાત્મા ગાંધીની રેંટિયો કાંતતી પ્રતિકૃતિ આગળ વિદેશી મહેમાનો સેલ્ફી લેવાની લાલચ રોકી શકયા નહોતા.

● તાજેતરમાં ભાજપના કાર્યકરોની વિસ્તાર પ્રચારની તાલીમ યોજાઈ હતી. આ તાલિમ દરમિયાન પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા ઉપસ્થિત રહ્યા હતાં.

● આઈપીએલમાં દિલધડક ફાઈનલ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ ચેમ્પિયન થતા જ સોશિયલ મિડીયા હરકતમાં આવી ગયું હતું. સોશિલય મિડીયા પર મુકેશ અંબાણીએ ૧૦મી આઈપીએલ જીતવાની ખુશીમાં જીઓ ૧૦ વર્ષ માટે ફ્રી કર્યું હોવાના મજાકિયા મેસેજ એ શહેરમાં ઉત્તેજના જન્માવી હતી.

હોસ્પિટલમાં મેડીકલ ફિટનેસ માટે આવેલ યુવતિનું પર્સ ચોરાયુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મેડીકલ ફિટનેસ સર્ટીફિકેટ લેવા માટે આવેલ યુવિતને કડવો અનુભવ થવા પામ્યો છે. યુવતિનું પર્સ કોઈ ચોર ઈસમે પ્લાસ્ટીકની થેલીને બ્લેડ મારીને તેમાં રહેલું પાકીટ સરળતાથી કાઢી લઈ રફુચકકર થઈ ગયો હતો. યુવતિ પોતાના ડોક્યુમેન્ટ થેલીમાંથી લેવા ગઈ ત્યારે પર્સ ચોરી થવાની જાણ થઈ હતી. યુવતિના પર્સમાં રોકડ રૂપીયા તેમજ એટીએમ કાર્ડ સહિત જરૂરી કાગળો હતા. જો કે આ અંગે યુવતિએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. સિવિલ હોસ્પિટલના સલામતી કર્મચારીઓને પણ સાથો સાથ થોડી દેખરેખ રાખવાની જરૂરીયાત ઉભી થઈ છે.

સ્પર્ધાત્મક પરિક્ષા પાસ કરીને રાજય સરકારના વિવિધ વિભાગોમાં સરકારી નોકરી મેળવેલા ઉમેદવારોને નોકરી પર હાજર થતી વેળાએ મેડીકલ ફિટનેસ સર્ટીફિકેટ રજુ કરવાનું હોય છે. જેને અનુલક્ષીને ગાંધીનગર હોસ્પિટલમાં રોજના ૫૦ થી વધુ નોકરી મેળવેલા ઉમેદવાર ભાઈ-બહેનો મેડીકલ ફિટનેસ માટે વહેલી સવારથી સિવિલમાં આવી જાય છે. ઓપીડીમાં ડોકટર પાસે તપાસ કરાવ્યા બાદ વિવિધ ટેસ્ટ કરાવવામાં આવે છે. ત્યારબાદ ઉમેદવારોને મેડીકલ ફિટનેસ સર્ટીફિકેટ સિવિલ સર્જનની સહીં સિક્કાવાળુ પ્રાપ્ત થાય છે. ત્યારે આજે કેટલાક પોલીસ કોન્સ્ટેબલમાં નોકરી મેળવેલા ભાઈ-બહેનો મેડીકલ સર્ટીફિકેટ માટે આવ્યા હતા. તેમાં ગાંધીનગર જિલ્લાના એક ગામની યુવતિ પણ આવી હતી. ત્યારે સવારના સુમારે પ્લાસ્ટીકની બેગમાં પાકીટ અને જરુરી કાગળો સાથે આવેલ યુવતિ મેડીકલ સર્ટીફિકેટ અંગે પુછપરછ કરી રહી હતી તે દરમિયાન કોઈ અજાણ્યો ઈસમે પ્લાસ્ટીકની થેલીને બ્લેડ મારીને કાપીને આસાનીથી યુવતિનું પાકીટ લઈ ગયો હતો. યુવતિનું બેંકનું એટીએમ તેમજ અંદાજે રૂ.૫૦૦ સહિત જરુરી કાગળો પાકીટમાં હતા. ત્યારે હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવતા દર્દીઓ તેમજ સગા-સ્નેહીજનોને પણ ચોર ઈસમોથી સાવચેત રહેવાની જરૂરીયાત ઉભી થવા પામી છે.

ગાંધીનગર નજીક કરાઈ પોલિસ એકેડેમી ખાતે ગુજરાત પોલીસ અને દિલ્હી પોલીસના જવાનો વચ્ચે રન ફોર યુનીટી યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૧૦૦થી વધુ જવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ દોડ લગાવી હતી આ પ્રસંગે ગુજરાત અને દિલ્હી પોલિસના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સે-૨૩ મમતા સ્પોટર્સ સેન્ટર ખાતે નોન સ્ટોપ રોલર સ્કેંટીગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ કડી સંકુલ સ્થિત આર.એન.લલિતકલા એકેડમીમાં ચાલતા મમતા સ્પોટર્સ સેન્ટર અને કિખ્ના એકેડમીના સંયુકત ઉપક્રમે નોન સ્ટોપ રોલર સ્કેંટીગ સ્પર્ધાનું આયોજન સંસ્થાની સ્કેંટીગ રીંગ ખાતે તા.૨૧ને રવિવારના રોજ સાંજના ૪ થી સાંજના ૭ કલાક સુધી કરાયું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લા તેમજ અમદાવાદની વિવિધ શાળાના મળીને કુલ ૩૫૦ થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે બાળકોને ઈનામ તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

આ કાર્યક્રમમાં સંસ્થાના ડો. સોમભાઈ.સી.પટેલ (કેમ્પ્સ ડાયરેકટર), વિદ્યાલય કેળવણી મંડળના રાજેન્દ્રસિંહ જાડેજા કોચ, કિખ્ના એકેડમીના સંચાલક તથા સંસ્થાના પ્રિન્સીપાલ દિનાબેન ડોડિયા હાજર રહ્યા હતા. સ્પર્ધામાં ઉપસ્થિત મહેમાનોના હસ્તે તમામ સ્પર્ધકને સર્ટીફિકેટ, મેડલ અને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં આર.એન. લલિતકલાના પ્રિન્સીપાલ દિનાબેન ડોડીયા અને સ્કેટીંગ કોચ વસીમ મનસુરીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગરની શાળાના તેમજ અમદાવાદના સ્કેટરો, કોચ, અને વાલીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધી વેદેહી ઠાકુર દ્વારા કરવામાં આવી હતી.

રાયસણ પાસે ગંદકી છુપાવવા કાપડની વાઈબ્રન્ટ દિવાલ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની વાર્ષિક સાધારણ સભા યોજાઈ રહી છે. શહેરમાં તા.૨૨ થી ૨૬ દરમિયાન હજજારો વિદેશી મહેમાનો પધારી ચુક્યા છે. જેના કારણે પાટનગરમાં મીની વાઈબ્રન્ટ જેવો માહોલ સર્જાયો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ આ બેઠકમાં હાજરી આપવા આવી ચુક્યા છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે. શહેરના મહાત્મા મંદિર તરફ જતા ઘ, ગ, તેમજ ખ માર્ગ સહિત સ્વર્ણિમ પાર્કને લાઈટોથી ઝળહળતુ કરવામાં આવ્યું છે. નાગરીકો રોશની નિહાળવા માટે રાત્રીના સુમારે લાઈનો લગાવે છે. શહેરમાં સફાઈ અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે. કોઈપણ વિદેશી મહેમાનની આંખ સામે ગંદકી નજર ન પડે તે માટે તંત્રના અધિકારી-કર્મચારીઓ રાત-દિવસ મહેનત કરી રહ્યા છે. શહેરને સાફ સફાઈ કરીને ચોખ્ખું ચણાક કરી દેવાયું છે. ત્યારે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર રાયસણ પેટ્રોલ પંપથી આગળ એક રહેણાંક ફલેટના ખાળકુવા ઉભરાય છે. ઘણા સમયથી આ સમસ્યા સ્થાનિક રહીશોની છે પરંતુ સમાધાન થતું નથી. ત્યારે ખાળકુવાના ગંદા પાણી માર્ગ પર ખાબોચીયાના રૂપે દરેક નાગરીકને દેખાય છે તેમજ ત્યાંથી પસાર થતા દુર્ગંધ મારે છે. ત્યારે શહેરમાં વડાપ્રધાન અને વિદેશી મહેમાનો આવ્યા છે, કરોડો રૂપીયાનો ખર્ચ તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. ત્યારે આ માર્ગ પરની ગંદકી કોઈ વિદેશી મહેમાન તેમજ વડાપ્રધાનને નજરે ન પડે તે માટે તંત્ર દ્વારા કાપડની વાઈબ્રન્ટ દિવાલ ઉભી કરાઈ છે. તંત્ર દ્વારા ગંદકી છુપાવવા આ નવતર અભિગમ અપનાવાયો હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે શહેરી તંત્ર દ્વારા ગંદકીનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો હોત તો આ પરિસ્થિતિ ઉભી થઈ ન હોત... ત્યારે એક તરફ રાત દિવસ સફાઈ કામ ચાલુ છે તો બીજી તરફ કાપડની વાઈબ્રન્ટ દિવાલ ઉભી કરીને સ્વચ્છ ગાંધીનગરની છબી ઉભી કરવા તંત્ર હવાતિયા મારી રહ્યું છે. આ છે ખરા ગાંધીનગરની તાસીર અને તસ્વીર...! વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છતાના આગ્રહી છે, સમગ્ર ભારતમાં તેઓએ સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતનું કેમ્પેઈન ચલાવી રહ્યા છે. ત્યારે મોડલરુપી ગુજરાતના પાટનગરમાં જ તંત્ર ગંદકીની સફાઈ કરવાને બદલે ઢાંકપિછોડો કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

નારદીપુરમાં લગ્નના ભોજન સમારોહ બાદ ૪૩ સાદા ઝાડાના કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામે લગ્નના ભોજન સમારંભ પછી ૪૩ જેટલા લોકોને બીજા દિવસે ફૂડ પોઈઝનીંગની અસરો જણાઈ હતી.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦મીએ નારદીપુર ખાતે ૨૫ જેટલા દર્દીઓ સાદા ઝાડાના નોંધાયા હતા. જેમણે લગ્ન સમારોહનું ૧૮મીએ ભોજન લીધુ હતુ.

આ પૈકી ૭ને સારવાર માટે નારદીપુર સીએસસીમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમની તબિયતમાં સુધારો થતાં તેમને રજા અપાઈ હતી. ૧ વ્યક્તીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

તંત્ર દ્વારા આ પછી કરાયેલા સઘન સર્વેલન્સમાં ૧૮ જેટલા વધુ દર્દીઓ સાદા ઝાડાના મળી આવ્યા હતા. જો કે હાલ બધાની સ્થિતિ સારી હોવાનું જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. જાગાણીએ જણાવ્યું હતું.

ડૉ. જાગાણીના જણાવ્યાનુસાર પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

આઈ લવ માય ગાંધીનગર

મોનાલી શર્મા

ગાંધીનગર ગમે

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ધામ અક્ષરધામ, મહાત્મા મંદિર, બગીચા, સ્કૂલ્સ, કૉલેજીસ, વ્યવસ્થિત પહોળા રસ્તા, હરિયાળી અને રાજ્યનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

નગરજનો

દેશના સર્વધર્મ, જુદી-જુદી ભાષા, રીતરિવાજો હોવા છતાં એક થઈ વસવાટ કરતાં નગરજનો આદર્શ નાગરિકો છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

નગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, જી ઈ ક્લબ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

વ્યસનમુક્તિ, સ્વચ્છતા અને જાહેર શિસ્ત માટે કોઈ ઠોસ વ્યવસ્થા કરવાની જરૂર જણાય છે.

નગર માટે હું કરી શકું

યુવા કાર્યક્રમો માટે મારું યોગદાન આપવા હું તત્પર છું.

વરસાદી રમઝટે લગ્નના રાસ-ગરબા પર પાણી ફેરવ્યુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં ગઈ કાલે સાંજે અચાનક વરસી પડેલા બરફના કરા સાથેના વરસાદે સમગ્ર વાતાવરણમાં ઠંડક રેલાવી દીધી હતી. વિજળીના કડાકા સાથે વરસેલા આ વરસાદથી અસહ્ય ગરમીમાં રાહત મળતા નગરજનો આનંદિત થયા છે પરંતુ બીજી તરફ શહેરમાં અઢળક લગ્નપ્રસંગો સહિતના આયોજનોમાં વિક્ષેપ ઉભો થતા નારાજગીનો સૂર પણ જોવા મળી રહ્યો છે.

વૈશાખ મહિનો લગ્નગાળાની મૌસમ ગણાય છે અને આજે વૈશાખ વદ અગિયારસનો શુભ દિવસ હોવાથી શહેરમાં અનેક લગ્ન સમારંભોના આયોજન થયેલા હતા. મોટા ભાગના લગ્ન સમારંભના રાસ-ગરબા કે સંગીત સંધ્યા વગેરેનું આયોજન ગઈ કાલે રવિવારે યોજવામાં આવેલું હતું. બરાબર આજ દિવસે અચાનક વરસેલા વરસાદે આ રાસ-ગરબાના આયોજનો પર પાણી ફેરવી દીધું હતું. જેના કારણે ગરબે ઘુમવા માંગતા નગરજનો નિરાશ થવા પામ્યા હતા. વરસાદના કારણે મંડપ પલળી જવા, ગરબા માટેના સ્થળ પર પાણીના ભરાવાને કારણે કાદવ કીચડ જમા થઈ જવો વગેરે જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. છેલ્લા બે અઢી માસથી સતત ગરમીની સ્થિતિ પ્રવર્તી રહી હોઈ કોઈ આયોજકે આ વરસાદની અપેક્ષા નહોતી રાખી જેના કારણે વરસાદથી બચવાના આગોતરા પગલાં લેવામાં નહોતા આવ્યા. વળી જે લગ્ન સમારંભના રાસ ગરબા હોલમાં યોજવામાં આવ્યા હતા તેમાં ખેલૈયાઓની હાજરી ઓછી પડી હતી.

લગ્ન સમારંભોના રાસ-ગરબા પર રવિવારના વરસાદનું વિઘ્ન નડયું : સોમવારે યોજાયેલ સત્કાર સમારંભો પણ ઝડપથી આટોપી લેવાયા

રાસ-ગરબાના કાર્યક્રમો પર તો પાણી ફરી વળ્યું પરંતુ આ સાથે લગ્ન સમારંભના આયોજકો આજે યોજવામાં આવેલા લગ્ન તથા સત્કાર સમારંભ અંગે પણ ચિંતામાં મુકાયા હતા. જો કે આજે દિવસ દરમિયાન વરસાદના કોઈ એંધાણ ના જણાતા તેમણે રાહતનો શ્વાસ લીધો હતો અને લગ્નકાર્ય સંપન્ન કર્યા હતા. જો કે સાંજના સમયે ફરી એકવાર ઠંડકભર્યું વાતાવરણ અને ઝડપી પવન ફૂંકાતા સત્કાર સમારંભ અંગે અવઢવ ઉભી થઈ હતી પરંતુ વરસાદનું જોખમ ટળતાં તે પણ નિર્વિઘ્ને પાર પડયા હતા. જો કે સત્કાર સમારંભોને ઝડપથી શરુ કરી વહેલાસર આટોપી લેવાનું લગ્નના આયોજકોએ મુનાસીબ માન્યું હતું.

ચિરવિદાય

- સ્વ. દેવાંશીબેન મુકેશભાઈ રાણા, ઉ.વ. ૭ માસ
- સ્વ. દંતાણી કેશાભાઈ છગનભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. હંસાબેન કનૈયાલાલ જયસ્વાલ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર કુનાજી ફુલાજી, ઉ.વ. ૭૨
- સ્વ. સોલંકી બાબુજી માસંગજી, ઉ.વ. ૫૦